सत्यमेव जयते

પી. ભારતી, IAS
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર સમગ્ર શિક્ષા
અને કમિશનર, પ્રાથમિક શિક્ષણ

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

## સમગ્ર શિક્ષા

સેકટર નં. ૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭, ગુજરાત રાજય
ફોન નં. :૦૭૯–૪૩૧૩૩
ફેકસ :– ૦૭૯–૨૩૨૩૨૪૩૬
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૩૩–૭૯૬૫
ઈમેલ: spdssa@gmail.com

ક્રમાંક: એસએસએ/MIS/2020/ ૧૦૫૨૭-૫૮-૨ તારીખ: ૫/02/2020

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા: તમામ

(૨) જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રોજેકટ કચેરી, એસ.એસ.એ.,
જિલ્લા: તમામ

(૩) શાસનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ: અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત.

વિષય: **UDISE+ 2019-20**ની કામગીરી કરવા બાબત.

સંદર્ભ:- માન. એસ.પી.ડી.શ્રી ની તા.૨૯/૦૨/૨૦૨૦ ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

શ્રીમાન,

આપ સુવિદિત છો કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બરની સ્થિતિએ UDISE ફોર્મમાં માહિતી મેળવી એકત્રીકરણની કામગીરી કરવામાં આવે છે.

ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ વિભાગ (MHRD) દ્વારા ગત વર્ષ ૨૦૧૮-૧૯માં UDISE ને વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE) કરવામાં આવેલ છે. MHRD ની સુચના અન્વયે ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦માં રાજયની ધોરણ ૧ થી ૧૨ ધરાવતી તમામ શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવાની થાય છે.

ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦ નું જિલ્લા શૈક્ષણિક માહિતી પત્રક (UDISE+ DCF Form) ની તમામ કક્ષાની કામગીરી UDISE+ ઓનલાઈન એપ્લીકેશન **(http://udiseplus.gov.in)** મારફતે કરવાની રહેશે.

સદર અંગે આપશ્રીને જણાવવાનું કે ચાલુ વર્ષ ૨૦૧૯-૨૦માં આપના જિલ્લાની ધોરણ-૧ થી ૧૨ પૈકીના ધોરણ ધરાવતી તમામ શાળાઓ જેમકે પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવા જણાવવામાં આવે છે. આ શાળાઓ કોઈપણ સંચાલન જેમકે સરકારી, આશ્રમ શાળા, ખાનગી ગ્રાન્ટેડ, ખાનગી નોન ગ્રાન્ટેડ, કેન્દ્ર સરકાર, મોડલ સ્કૂલ, જવાહર નવોદય દ્વારા સંચાલિત કે અન્ય કોઈપણ સંચાલન દ્વારા સંચાલિત હોય તેવી તમામ શાળાઓના UDISE ફોર્મ ફરજીયાત મેળવવા આથી સૂચના આપવામાં આવે છે.

સમગ્ર શિક્ષા યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતી વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ U-DISEની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત વિવિધ શૈક્ષણિક પ્રક્રિયા અને યોજનામાં ભાગ લેવા માટે શાળા પાસે UDISE કોડ હોવો જરૂરી છે જેમકે, RTE અધિનિયમ ૨૦૦૯ ની કલમ-૧૨.૧ (સી) હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ આપવાની માટેના પોર્ટલ **https://rte.orpgujarat.com/** પર ઓનલાઈન કાર્યવાહી માટે, NMMS- National Means Cum Merit Scholarship Scheme Exam અન્વયે શાળા કક્ષાએ ઓનલાઈન ભરતા વિદ્યાર્થીઓના ફોર્મમાં શાળાનો U-DISE કોડ ફરજીયાત છે તેમજ તમામ ખાનગી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના રજીસ્ટ્રેશન માટે શાળાના ૧૧ આંકડાના UDISE કોડની જરૂરિયાત રહે છે. શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં શિક્ષકોના અનુભવનો આધાર તરીકે માત્ર UDISEના વર્ષવાર શિક્ષક રેકર્ડને જ આધારભૂત ગણવામાં આવે છે.

વધુમાં, આપના જિલ્લાનો નામાંકન દર, ડ્રોપઆઉટનો દર, શાળાઓની માહિતી, નામાંકન અને શિક્ષકોની માહિતી UDISE માંથી સરળતાથી મેળવી શકો છો, આમ UDISE DATA ની અગત્યતાથી આપ વાકેફ છો.

શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ ૨૦૦૯ ની કલમ-૧૨(૩) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશનલ રૂલ્સ ૨૦૧૨ માં નિયમ-૧૩(૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ ના નમુના-૨ની શરતોની શરત-૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાએ આ માહિતી આપવી ફરજીયાત છે. આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી UDISE+ અંતર્ગત થવી જરૂરી છે.

વર્ષ ૨૦૧૯-૨૦ માં તમામ શાળા UDISEની માહિતી આપે તે રીતનું આયોજન કરવા જણાવવામાં આવે છે. જો કોઈ શાળા આ માહિતી આપવાની ના પાડે તો જે તે વિસ્તારના બી.આર.સી. કો.ઓ. અને સી.આર.સી. કો.ઓ. ને રૂબરૂ મોકલી UDISE ફોર્મની અગત્યતા અને RTE અધિનિયમની સમજ અપાવવી, શાળા પાસેથી UDISEની માહિતી મેળવવાની પ્રાથમિક જવાબદારી સી.આર.સી. કો.ઓ. અને બી.આર.સી. કો.ઓ. ની છે. તેમ છતાં પણ જે શાળા માહિતી ન આપે તો માન્યતા આપેલ અધિકારીશ્રીએ આવી શાળાની માન્યતા તાત્કાલીક રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલા લેવા જણાવવામાં આવે છે જેમકે પ્રાથમિક/ઉચ્ચતર પ્રાથમિક શાળા માટે જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીને તેમજ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા માટે જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી ને આવી શાળાની માન્યતા તાત્કાલીક રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલા લેવા જણાવવામાં આવે છે.

**UDISE+ ની કામગીરી અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.**

(૧). જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટરએ UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં જિલ્લાના Username અને Password થી Login થઈ પોતાની બ્લોક વાર શાળાઓની વિગત ચકાસી લેવાની રહેશે.

(૨). જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓ. એ UDISE+ ફોર્મમાં સમાવિષ્ટ નવી બાબતોની વિસ્તૃત સમજ જિલ્લાના તમામ કોર્ડિનેટર અને બ્લોક કક્ષાના તમામ કો.ઓ., બી.આર.સી. કો.ઓ. તેમજ સી.આર.સી. કો.ઓ ને આપવાની રહેશે.

(૩). જિલ્લા કક્ષાએથી જિલ્લાની તમામ સમાવિષ્ટ શાળાઓની Pre-Filled UDISE+ DCF ઓનલાઈન એપ્લીકેશનમાંથી પ્રિન્ટ આઉટ કાઢી તાલુકા કક્ષાએ પહોંચાડવાની રહેશે.

(૪). બ્લોક કક્ષાએ પોતાના બ્લોક્ના Username અને Password થી Login થઈ પોતાની બ્લોક વાર શાળાઓની વિગત ચકાસી લેવાની રહેશે.

(૫). સી.આર.સી. કો.ઓર્ડિનેટરએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી, આશ્રમ શાળા, ખાનગી ગ્રાન્ટેડ, ખાનગી નોન ગ્રાન્ટેડ, કેન્દ્ર સરકાર, મોડલ સ્કૂલ, જવાહર નવોદય વગેરે જેવી તમામ શાળામાં UDISE+

DCF Form મોકલી આપવાનું રહેશે તેમજ ભરેલ UDISE+ DCF Form શાળા કક્ષાએથી અચૂક મેળવી બી.આર.સી. પર મોકલી આપવાના રહેશે.

(૬). બ્લોક કક્ષાએ બ્લોક એમ.આઈ.એસ./ડેટા એન્ટ્રી ઓપરેટરે તમામ શાળાના UDISE+ Formની ડેટા એન્ટ્રી UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં કરવાની રહેશે.

(૭). સી.આર.સી. કો. ઓર્ડિનેટરએ શાળાકક્ષાએથી ભરાયેલ UDISE+ Formની ૧૦૦% ચકાસણી હાર્ડ કોપી તેમજ ઓનલાઈન એન્ટ્રી કરતી વખતે પણ કરવાની રહેશે.

(૮). જિલ્લાકક્ષા તેમજ બ્લોક કક્ષાએ UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાંથી પ્રમાણ પત્ર ડાઉનલોડ કરી સહી સિકકા કરી ઓનલાઈન Upload કરવાનું રહેશે.

(૯). માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરની તમામ શાળાના UDISE+ ફોર્મ સમયસર મળી જાય તે માટે જિલ્લા શિક્ષાધિકારીશ્રી, AEI અને EI મળીને સદર કામગીરીમાં જોડાય તે રીતનું આયોજન કરવાનું રહેશે.

(૧૦). UDISE+ અંગેની તમામ મિટીંગ અને તાલીમ પ્રોગ્રામમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સાથે મળી આયોજન કરવું તેમજ બન્ને અધિકારીશ્રીએ વાંરવાર આ અંગે થયેલ કામગીરીની સમીક્ષા કરવાની રહેશે.

(૧૧). જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓ. અને બ્લોક એમ.આઈ.એસ. કો.ઓ. એ UDISE+ અંગેની રોજેરોજની કામગીરીની વિગત રાજ્ય કચેરીને આપવાની રહેશે.

(૧૨). વર્ષ ૨૦૧૯-૨૦ની UDISE+ ની કામગીરી માટે તમામ ફોર્મની પ્રિન્ટ જિલ્લાકક્ષાએ UDISE+ ઓનલાઈન એપ્લીકેશન મારફતે જ પ્રિન્ટ કાઢવાની રહેશે તેમજ તે અંગેનો ખર્ચ જિલ્લાપંચાયતના માન્ય Rate Contract થી વધુ ન થાય તે અંગેની કાળજી રાખવાની રહેશે.

**(૧૩). UDISE+ ને લગતી તમામ કામગીરી જેમકે પ્રિન્ટ, તાલીમ વગેરેનો ખર્ચ ચાલુ વર્ષના બજેટમાં મેનેજમેન્ટ હેડ હેઠળ ઉધારવાનો રહેશે.**

સમગ્ર શિક્ષાના તમામ સ્ટાફે સદર કામગીરી (સામેલ **SCHEDULE**) મુજબ સમય મર્યાદામાં પૂર્ણ કરવી તેમજ સદર બાબતમાં જે તે કક્ષાએ પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્કાળજી દાખવનાર સામે જરૂર જણાયે આપશ્રીએ યોગ્ય શિક્ષાત્મક પગલા લેવાના રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીએ UDISE+ ની માહિતીની અગત્યતા સમજી દર અઠવાડિયે આ કામગીરીની પ્રગતિ અંગેની રિવ્યુ બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરવી. સમગ્ર જિલ્લાની UDISE+ ની માહિતી ૨૪ એપ્રિલ,૨૦૨૦ સુધીમાં ઓનલાઈન કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- UDISE+ 2019-20 Step by Step implementation Schedule

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- માન. સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૫, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# UDISE+ 2019-20 Step by Step implementation Schedule

| Sr. No. | Activity | Date of Completion |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીયકક્ષાએથી સ્ટેટ એમ.આઈ.એસ. તથા જિલ્લા એમ.આઈ.એસ.ને UDISE DCFમાં નવી બાબતોની વિસ્તૃત સમજ, UDISE+ઓનલાઈન એપ્લીકેશનની સમજ. | ૨૧-૨૨/૦૨/૨૦૨૦ |
| ૨. | જિલ્લાકક્ષાએથી બ્લોક એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટર, બી.આર.સી. કો.ઓ., બ્લોક ડેટા એન્ટ્રી ઓપરેટરને નવી બાબતોની વિસ્તૃત સમજ, UDISE+ ઓનલાઈન એપ્લીકેશનની સમજ. | ૦૭/૦૩/૨૦૨૦ |
| ૩. | બ્લોકકક્ષાએથી નવા ક્લસ્ટર પ્રમાણે શાળાઓ તેમજ શાળાઓના મેનેજમેન્ટ તથા શાળાઓની કેટેગરીની ચકાસણી. | ૦૭/૦૩/૨૦૨૦ |
| ૪. | જિલ્લાકક્ષાએથી તમામ શાળાઓની Pre Filled UDISE DCF ઓનલાઈન એપ્લીકેશનમાંથી પ્રિન્ટ આઉટ કાઢવાની રહેશે. | ૧૨/૦૩/૨૦૨૦ |
| ૫. | બ્લોકકક્ષાએથી તમામ શાળાઓની Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટ ની બ્લોકવાર/સી.આર.સી. વાર અલગ પાડવા. | ૧૪/૦૩/૨૦૨૦ |
| ૬. | બ્લોકકક્ષાએથી સી.આર.સી.કો.ઓ નવી બાબતોની વિસ્તૃત સમજ, UDISE+ ઓનલાઈન એપ્લીકેશનની સમજ, સી.આર.સી.કો.ઓ.ને Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટની હાર્ડ કોપી આપવી | ૧૪/૦૩/૨૦૨૦ |
| ૭. | સી.આર.સી. કો.ઓ.એ Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટની હાર્ડ કોપી શાળાકક્ષાએ પહોંચાડવી. | ૧૬/૦૩/૨૦૨૦ |
| ૮. | સી.આર.સી. કો.ઓ.એ Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટની હાર્ડ કોપી શાળાકક્ષાએથી પરત મેળવવી. | ૨૩/૦૩/૨૦૨૦ |
| ૯. | બ્લોકકક્ષાએથી તમામ શાળાઓના UDISE+ DCFની ઓનલાઈન એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે. | ૧૭/૦૪/૨૦૨૦ |
| ૧૦. | બ્લોકકક્ષાએથી તમામ શાળાઓના ઓનલાઈન દાખલ કરેલ ડેટાની ચકાસણી, શાળાકક્ષા તથા બ્લોકકક્ષાએથી સહી સિક્કા સાથેનું પ્રમાણ પત્ર એપ્લીકેશનમાં **UPLOAD** કરવા, બ્લોકકક્ષાએથી ડેટા **Freeze** કરી જિલ્લા કક્ષાએ **Submit** કરવો. | ૨૦/૦૪/૨૦૨૦ |
| ૧૧. | જિલ્લાકક્ષાએથી બ્લોક કક્ષાએથી કરેલ ઓનલાઈન ડેટાની ચકાસણી, જિલ્લાકક્ષાએથી સહી સિક્કા સાથેનું પ્રમાણ પત્ર એપ્લીકેશનમાં **UPLOAD** કરવા, જિલ્લાકક્ષાએથી ડેટા **Freeze** કરી રાજ્યકક્ષાએ **Submit** કરવો. | ૨૪/૦૪/૨૦૨૦ |
| ૧૨. | રાજય કચેરીએ જીલ્લાકક્ષાએથી Submit કરેલ ઓનલાઈન ડેટાની ચકાસણી, રાજય કક્ષાએથી સહી સિક્કા સાથેનું **State Project Director** નું પ્રમાણ પત્ર એપ્લીકેશનમાં **UPLOAD** કરવું, રાજય કક્ષાએથી ડેટા **Freeze** કરી રાષ્ટ્રીય કક્ષાએ **Submit** કરવો. | ૩૦/૦૪/૨૦૨૦ |